A.L.J. 16

Published by Amity B.Ed. College, Bharuch
Journal of YTIF
Journal of YTIF
ISSN 2395-6437

# બી.એડ.ના તાલીમાર્થીઓનું સ્વોટ વિશ્લેષણ

ડો. ભાવેશ રાવલ
આચાર્યશ્રી,
શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ. કોલેજ, પાંડેસરા, સુરત
મો. ૯૪૨૮૦૨૦૧૬૮

## ટૂંકસાર

.એડ.ની તાલીમ મેળવતા તાલીમાર્થીઓ અલગ-અલગ સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક અને બૌદ્ધિક દૃષ્ટિએ ભિન્નતા ધરાવતાં હોય છે. જે તેઓની તાલીમની નિષ્પતિ પર અસર કરે છે. તાલીમમાં તાલીમાર્થીઓની વિવિધ તકનીક વડે ક્ષમતા, મર્યાદા, તક અને ભયને જાણવા સ્વોટ વિશ્લેષણની મદદ લેવામાં આવે તો કાર્ય ગુણવત્તાપૂર્ણ બની શકે. આ બાબતને લક્ષમાં રાખીને પ્રસ્તુત અભ્યાસમાં તાલીમાર્થીઓ પાસેથી પ્રાપ્ત ગુણાત્મક માહિતીનું વિશ્લેષણ કરીને મર્યાદાઓ અને ભય કેવી રીતે દૂર કરી શકાય તેનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અભ્યાસ અંતર્ગત વર્ષ:૨૦૧૭-'૧૮ના ૪૫ તાલીમાર્થીઓને સ્વોટ વિશ્લેષણ માટેનું પત્રક આપી તેઓ કઈ કઈ બાબતોમાં ક્ષમતા અનુભવે છે? તેઓને કઈ કઈ બાબતે મર્યાદાઓ જણાય છે? વ્યાવસાયિક ક્ષેત્રમાં કઈ તક રહી છે? અને કેવી બાબતો ભય પમાડે છે? જેવા મુદ્દાઓ પર માહિતી આપવા જણાવ્યું હતું. માહિતીના આધારે ગુણાત્મક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. તેમજ મર્યાદાઓ દૂર કરવા જરૂરી માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. સમગ્રતઃ બી.એડ.ની તાલીમમાં સ્વોટ વિશ્લેષણના ખ્યાલના વિનિયોગથી તાલીમની ગુણવત્તા વધારી શકાય છે. તેમજ તાલીમાર્થીઓ 'સ્વ' વિશે વધુ સ્પષ્ટ થાય છે, એવો નિષ્કર્ષ પ્રાપ્ત થયો હતો.

**ચાવીરૂપ શબ્દ:** સ્વોટ વિશ્લેષણ, તાલીમ, તાલીમાર્થીઓ.

## પ્રાસ્તાવિક

બી.એડ.ની તાલીમમાં વિવિધ નવા ખ્યાલોથી ભાવિ શિક્ષકોને તૈયાર અને તત્પર કરવાનો આશય છે. ઉપરાંત તાલીમાર્થી 'સ્વ' વિશ્લેષણ કરે તો તાલીમ આપનાર અને લેનાર બંનેને લાભદાયી પુરવાર થાય છે. શિક્ષકમાં રહેલી શક્તિ, ક્ષમતાઓ, આવડત અને નબળાઈઓની જાણકારી હોય તો તેના વિકાસ અને સુધારાલક્ષી દિશાદર્શન કરે છે. મેનેજમેન્ટ



Scanned by CamScanner

શાખામાં કેટલીક ટેકનીકો દ્વારા ક્ષમતા સુધારણા માટેના બિંદુઓ જાણી શકાય છે. સ્વોટ વિશ્લેષણ આવી જ એક ઉપયોગી ટેકનીક છે. શિક્ષકની વ્યવસાયિક સજ્જતા અંગે આ ટેકનીકની મદદથી માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે તો તાલીમાર્થીઓની સ્થિતિનો સાચો તાગ મેળવી શકાય. સાથો-સાથ તાલીમાર્થીને પોતાને પણ સમજવાનું એક પ્લેટફોર્મ પ્રાપ્ત થાય છે. પ્રાપ્ત માહિતી દ્વારા શિક્ષક પ્રશિક્ષકો વ્યક્તિગત તેમજ સામુહિક માર્ગદર્શન કરી શકે છે. સ્વોટ વિશ્લેષણ શિક્ષક પ્રશિક્ષણના તાલીમાર્થીલક્ષી વિવિધ કાર્યક્રમોના આયોજન માટે પાયાની માહિતી પૂરી પાડે છે. પ્રસ્તુત અભ્યાસમાં બી.એડ.ના કોર્સ અંતર્ગત EPC 'સ્વની સમજ' નું અધ્યયન કરવાનું હોય છે. જે સંદર્ભે તાલીમાર્થીઓનું સ્વોટ વિશ્લેષણ કરવામાં આવ્યું હતું.

## અભ્યાસના હેતુઓ

અભ્યાસના મુખ્ય હેતુઓ નીચે મુજબ હતા.

૧. સ્વોટ વિશ્લેષણના માધ્યમથી તાલીમાર્થીઓની ક્ષમતાઓ વિશે જાણવું

૨. સ્વોટ વિશ્લેષણના માધ્યમથી તાલીમાર્થીઓને જણાતી તક વિશે માહિતગાર થવું.

૩. સ્વોટ વિશ્લેષણના માધ્યમથી તાલીમાર્થીઓની નબળાઈઓ અંગે જાણકારી મેળવવી.

૪. સ્વોટ વિશ્લેષણના માધ્યમથી તાલીમાર્થીઓમાં રહેલ ભય વિશે માહિતી મેળવવી.

૫. તાલીમાર્થીઓની મર્યાદાઓ અને ભય દૂર કરવા સૂચનો કરવા.

## અભ્યાસના પ્રશ્નો

હેતુઓને કેન્દ્રમાં રાખીને નીચે મુજબના પ્રશ્નોના ઉત્તર મેળવવામાં આવ્યા હતા.

૧. તાલીમાર્થીઓ કઈ કઈ બાબતો ક્ષમતાઓ ધરાવે છે?

૨. તાલીમાર્થીઓને તાલીમના અંતે કઈ કઈ બાબતોમાં તક જણાય છે?

૩. તાલીમાર્થીઓ વ્યક્તિગત રીતે કઈ કઈ બાબતોમાં નબળાઈ અનુભવે છે?

૪. તાલીમાર્થીઓ કઈ કઈ બાબતોથી ભય અનુભવે છે?

૫. તાલીમાર્થીઓની મર્યાદાઓ અને ભય કઈ રીતે દૂર કરી શકાય?

## અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત અભ્યાસથી તાલીમાર્થીઓની ક્ષમતાઓ અને મર્યાદા જાણી શકાશે.

- તાલીમ કાર્યક્રમને ચોક્કસ દિશા આપી શકાય.
- પ્રાપ્ત માહિતીને આધારે વ્યક્તિગત રીતે ભાર આપવા યોગ્ય પાસાં નિર્ધારિત કરી તાલીમને અર્થપૂર્ણ અને ગુણવત્તાયુક્ત બનાવી શકાય.
- તાલીમાર્થીને પોતાને જોવાની એક બારી ખૂલશે જેમાં સ્વ-મૂલ્યાંકન કરી શકશે.



Scanned by CamScanner

## વ્યાપવિશ્વ અને નિદર્શ

પ્રસ્તુત અભ્યાસમાં બી.એડની તાલીમ પ્રાપ્ત કરતાં તાલીમાર્થીઓ વ્યાપવિશ્વ હતું. જે પૈકી શ્રી મહાવીર વિદ્યામંદિર ટ્રસ્ટ બી.એડ કોલેજ, પાંડેસરા ખાતે અભ્યાસ કરતા ૪૫ તાલીમાર્થીઓ નમૂના તરીકે લીધા હતા. આમ, વ્યાપવિશ્વ એજ નમૂનો હતો.

## સંશોધન ઉપકરણ

પ્રસ્તુત અભ્યાસમાં હેતુઓ અનુસાર માહિતીની પ્રાપ્તિ માટે સ્વોટના ઘટકો દર્શાવતા પત્રકનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## માહિતી પ્રાપ્તિની પ્રવિધિ

આ સંદર્ભે તાલીમાર્થીઓને સૌપ્રથમ સ્વોટ વિશ્લેષણનો વિશદ્ ખ્યાલ આપ્યો હતો. તેમજ તાલીમાર્થીઓને પોતાની ક્ષમતાઓ, નબળાઈઓ, તક અને ભય સંદર્ભે પોતાની વિગતો રજૂ કરવાં સૂચવ્યું હતું.

કુલ ૪૫ તાલીમાર્થીઓને પૂરી પડેલી માહિતીને યોગ્ય પૃથક્કરણ દ્વારા ચોકસ સ્વરૂપે રજૂ કરી નિષ્કર્ષ તારવવામાં આવ્યા હતા.

સારણી-૧

બી.એડ.ના તાલીમાર્થીઓના સ્વનું સ્વોટ વિશ્લેષણ

| તાકાત(+) | નબળાઈઓ(-) |
|---|---|
| આત્મવિશ્વાસ | સહન શક્તિ ઓછી |
| શિક્ષકમાં આવશ્યક ગુણોનો વિકાસ | કદર કરનારને અન્યાય થઇ જાય |
| નિર્ભયતાથી કાર્ય કરી શકું | ભાવાત્મક એકતા સાધી ન શકું |
| વાંચન રસ | ઓછા સમયમાં તૈયારી ન થાય |
| સંદર્ભ પુસ્તકોનું વાંચન | કૌશલ્ય વિકાસ કચાશયુક્ત. |
| જીવન પ્રત્યેનો દૃષ્ટિકોણ | ગુસ્સો જલ્દી આવે. |
| પ્રતિબદ્ધતા | કથનમાં પ્રાદેશિકતા |
| સમયપાલન | ગંભીરતા ઓછી |
| વ્યક્તિને પારખવાની ક્ષમતા | તાલીમાર્થીઓનો દ્વેષ સહન ન થાય |
| આવડતોનો વિકાસ | વધુ પડતી લાગણીશીલતા |


ISSN 2395-6437

Issue-5: Jult-Sept 2016

Scanned by CamScanner

| | |
|---|---|
| ગુસ્સા પર અંકુશ<br>કાર્યનિષ્ઠા<br>સહકારનો ભાવ<br>શિસ્તપાલન<br>નિયમિતતા | કાર્ય ઝડપ ઓછી<br>ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં નબળો<br>અંતર્મુખી વ્યક્તિત્વ<br>ચિડીયાપણું<br>પ્રાધ્યાપકો સાથે આત્મીયતાનો અભાવ |
| તક(+) | ભય(-) |
| નૈતિક મૂલ્યોનો વિકાસ<br>સામાજિકતાનો વિકાસ<br>અનુકૂલનતાનો વિકાસ<br>ભાવાત્મક વિકાસ<br>વ્યક્તિત્વ વિકાસ<br>વિવિધ આવડતોનો વિકાસ<br>સારા કાર્ય કરવાની તક<br>શિસ્તબદ્ધ જીવનની તાલીમ<br>શિક્ષક તરીકે સફળ થઇ શકું<br>અભિવ્યક્તિની કળાનો વિકાસ<br>વર્તન પરિવર્તન<br>વિષયવસ્તુનું પ્રભુત્વ વધે<br>નાગરિકતાનો વિકાસ<br>નવીન પદ્ધતિઓનો ઉપયોગ કરી શકું<br>ગુણ ગ્રહણતા વધે<br>સાંસ્કૃતિક દૃષ્ટી વિકસે<br>નૈતિકતાના ગુણ કેળવાય | સંકલ્પોમાં સફળ ન થઇ શકવું<br>અન્ય કરતા અલગ પડી જવું<br>સમયનો અભાવ<br>સ્પર્ધામાં ટકવું<br>નાણાભીડ<br>નીતિ-નિયમોનું પાલન<br>ટૂંકા ગાળામાં કાર્ય પાર પાડવું<br>ખૂદની નબળાઈઓ દુર કરવી<br>સમાજની બદીઓ દુર કરવી<br>જરૂરત મંદોનો આશરો બનવું<br>માનસિક તાણને પહોંચી વળવું<br>શિક્ષક તરીકે સફળ થવું<br>સારા પાઠ આયોજન કરવા<br>ટૂંકાગાળામાં પરીક્ષાની તૈયારી કરવી<br>સમયના અભાવ સામે ટકવું |

શિક્ષક પ્રશિક્ષણમાં 'બી.એડ.ના તાલીમાર્થીઓના 'સ્વ'ના વિશ્લેષણના' ભાગરૂપે પ્રાપ્ત પરિણામોના આધારે નીચે મુજબનું અનુકાર્ય હાથ ધરવું જોઈએ.



Scanned by CamScanner

- જે-તે બાબતોમાં વિશેષ ક્ષમતાઓ છે, તેને જાણી તેના આધારે તક ઝડપી ઉત્કૃષ્ટ શિક્ષણકાર્ય કરવું.
- તાલીમાર્થીઓની નબળાઈઓ તેઓના ભયનું મુખ્ય કારણ હોય છે, આથી તેને દૂર કરવાંનો પ્રયાસ કરવો.
- અભ્યાસમાં પ્રાપ્ત નિષ્કર્ષ સ્વરૂપે તાલીમાર્થીઓની નબળાઈઓ મુખ્યત્વે સહન શક્તિ ઓછી, કદર કરનારને અન્યાય થઇ જાય, ભાવાત્મક એકતા સાધી ન શકું ઓછા સમયમાં તૈયારી ન થાય, કૌશલ્ય વિકાસ કચાશયુક્ત, ગુસ્સો જલ્દી આવે, કથનમાં પ્રાદેશિકતા, ગંભીરતા ઓછી, તાલીમાર્થીઓનો દ્વેષ સહન ન થાય, વધુ પડતી લાગણીશીલતા, કાર્ય ઝડપ ઓછી, ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં નબળો અંતર્મુખી વ્યક્તિત્વ, ચિડીયાપણું હતાં. આ બાબતો દૂર કરવી જોઈએ.

**કઈ નબળાઈ સંદર્ભે શું પગલાં લઇ શકાય તે નીચે દર્શાવ્યું છે:**

૧. **સહન શક્તિ ઓછી:** પરિસ્થિતિને સમજી થોડું જતું કરવાના ભાવ સાથે વર્તવું.

૨. **કદર કરનારને અન્યાય થઇ જાય:** આવું બને ત્યારે તેને વાત કરી ખૂલાસો કરવો જોઈએ.

૩. **ભાવાત્મક એકતા સાધી ન શકું:** વલણો સકારાત્મક રાખી અન્યોન્ય ભાવથી વર્તનવ્યવહાર કરવો.

૪. **ઓછા સમયમાં તૈયારી ન થાય:** નિત્યકાર્યનો ક્રમ સ્વીકારવો જોઈએ.

૫. **કૌશલ્ય વિકાસ કચાશયુક્ત:** જે કૌશલ્યની નબળાઈ હોય તે પર વિશેષ ધ્યાન આપી સમજવું અને વધુ મહાવરાથી કેળવવું જોઈએ.

૬. **ગુસ્સો જલ્દી આવે:** જે તે પરિસ્થિતિનો ઉકેલ હોય જ તેને સંવાદ દ્વારા ઉકેલવી જોઈએ.

૭. **કથનમાં પ્રાદેશિકતા:** ભૂલ થતા શબ્દો પર ધ્યાન આપી કથન કરી શકાય. જાહેરમાં બોલવાની પ્રેક્ટીસથી ધીરેધીરે શુદ્ધતા લાવી શકાય.

૮. **ગંભીરતા ઓછી:** કાર્યને, વ્યક્તિને, સમયને સમજી જરૂરી રીતે જવાબદારી કેળવતા ગંભીરતા આવશે.

૯. **તાલીમાર્થીઓનો દ્વેષ સહન ન થાય:** વ્યક્તિ તરીકે વર્તે ત્યારે તેની સ્થિતિ સમજી પોતાની લાગણીઓ પર અંકુશ રાખવો જોઈએ.



Scanned by CamScanner

૧૦. વધુ પડતી લાગણીશીલતા: વ્યક્તિત્વમાં લાગણીઓને બેલેન્સ કરી વર્તવું જરૂરી સમજવું.

૧૧. કાર્ય ઝડપ ઓછી: ઝડપ ઓછી હોય ત્યારે વહેલા કાર્ય પ્રારંભ જરૂરી માની અનુસરણ કરવું.

૧૨. ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં નબળો: દરેક બાબતને રસ લઇ કરતાં તે શીખી શકાય છે. તેથી જે તકનીક ન આવડતી હોય તેના તજજ્ઞ પાસે શીખવાનો પ્રયાસ કરવો જોઈએ.

૧૩. અંતર્મુખી વ્યક્તિત્વ: વાતચીત કરવી, લોકોની વચ્ચે સમય પસાર કરવો, અભિવ્યક્ત થવાના પ્રસંગો ઝડપી લેવા.

૧૪. ચિડીયાપણું: નાની-નાની બાબતોને મોટું સ્વરૂપ આપવાથી દૂર રહેવું, મન મોટું રાખી વર્તવું.

૧૫. પ્રાધ્યાપકો સાથે આત્મીયતાનો અભાવ: અધ્યાપકોમાં શ્રદ્ધા ભાવ રાખો, તેમની સાથે વાર્તાલાપ કરવો જોઈએ.

સ્વોટ વિશ્લેષણ જેવી ટેકનીકનો શિક્ષક પ્રશિક્ષણ ક્ષેત્રે ઉપયોગ ફાયદાકારક બની શકે છે. શિક્ષક પ્રશિક્ષક તાલીમાર્થીઓની તાકાત, તક, નબળાઈ અને ભય સંદર્ભે પ્રાપ્ત માહિતીના આધારે 'વ્યક્તિગત માર્ગદર્શન' અને 'સમગ્રલક્ષી કાર્યક્રમ'નું સુપેરે આયોજન કરી શકે છે. જાતિ, સામાજિક-આર્થિક સ્તર, બૌધિક ક્ષમતા, વિસ્તાર જેવાં પાસાંઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને તાલીમાર્થીઓના સ્વની સભાનતા, સ્વ-વિકાસ, સ્વ મૂલ્યાંકન અને સ્વ-નિયંત્રણ પ્રક્રિયાને વધુ અર્થપૂર્ણ બનાવવાની શક્યતાઓ રહેલી છે.

સંદર્ભસુચિ:

રાવલ અને અન્યો. (૨૦૦૯). શૈક્ષણિક પ્રૌધોગિકનાં મૂળતત્વો અને શાળા વ્યવસ્થાપનનાં તત્વો અમદાવાદ : નિરવ પ્રકાશન

en. Wikipedia.org/wiki/SWOT_analysis

www.Philau. Edu./infolit/sba/ SWOT Analysish and out


ISSN 2395-6437

Issue-5: Jult-Sept 2016

Scanned by CamScanner